# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી અંતર્ગત લાબડાધરા ગામમાં ખેડૂત શિબિર યોજાઇ

પંચમહાલ જિલ્લાનો મુખ્ય પાક એવા મકાઇ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા તાજેતરમાં ઘોઘંબા  તાલુકાના છબનપુર ગામે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના હેઠળ  તા.૨૨/૦૮/૧૭ના રોજ તાલીમ શિબિર યોજાઇ હતી.

ખેડૂતોને મકાઇની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખૂબ જ અગત્યનું હોઇ આ અંગેની તાલીમ આપવા માટે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજનાના ભાગરૂપે ઘોઘંબા તાલુકાના લાબડાધરા ગામે આયોજીત તાલીમમાં આદિવાસી વિસ્તારના અંદાજીત ૮૬ ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.  ર્ડા પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી(મકાઇ)એ મકાઇની મુલ્ય વર્ધિત જાતો બેબીકોર્ન અને પોપકોર્નથી થતા આર્થિક ફાયદા અંગેની ઉંડાણપૂર્વક માહિતી સમજાવી હતી અને મૂલ્ય વર્ધિત જાતો વાવવા માટે ભાર મૂકયો હતો.

પ્રો. કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકએ  મકાઇમાં ખાતર વ્યવસ્થા તથા નિંદામણ નિયંત્રણ અંગેની પધ્ધતિઓ ઉપર વિશેષ માર્ગદર્શન આપેલ હતુ તથા મકાઇના પાકની વાવણી સાંકળા ગાળે ના કરતા બે ફુટાના ગાળે કરવા ભાર મુકેલ હતો.

ડો.એસ.કે.સીંધએ મકાઇમાં રોગની ઓળખના લક્ષણો, છોડના નમુના અને ફોટોગ્રાફ દ્વારા સમજાવીને તેના નિયંત્રણની પધ્ધતિઓને ઊંડણપુર્વક સમજાવી હતી. શ્રી વી.કે.ઘોલુ ,બીજ અધિકારી, ગુજરાત રાજ્ય બીજા નિગમએ મકાઇમાં ગુણવત્તાસભર બિયારણ પેદા કરવા અંગે તથા સંકર જાતોના બિયારણ ઉત્પાદન કરવા માટે તેમજ બિયારણના પ્લોટ કરવા અંગેની માહિતી આપી હતી.

ર્ડા. ભરતભાઇ ઠક્કરએ પ્રથમ હરોળના નિદર્શનના હેતુ, પાયની બાબતો, અમલ, ફાયદા, ધ્યાનમાં રાખવાની બાબતો અને મકાઇની ટેકાનોલોજી  અંગેની માહિતી આપી હતી અને ખેડુતોની મુશ્કેલીઓનુ નિવારણ કરેલ હતુ અને  સમગ્ર કાર્યક્રમનું સંચાલન ર્ડા. ભરતભાઇ ઠક્કરએ કરેલ હતું.તમામ ખેડુતો અને વૈજ્ઞાનિકશ્રીઓની ટીમે નિદર્શન આપેલ ખેડુતના ખેતરની મુલાકાત લીધી હતી.






I